# અતરિક્ષમા યુદ્ધ

– નિલોફર જાવેદ

પાચમા ધોરણમા અભ્યાસ કરતો રાજુ તેના દાદાજી સાથે ગામડામા રહેતો હતો, અભ્યાસ સિવાય તેનો મોટાભાગનો સમય દાદાજી સાથે પસાર થતો હતો.

દાદાજી દરરોજ રાતે તેને રસપ્રદ અને જ્ઞાનપ્રદ વાર્તાઓ સભળાવતા હતા. વાર્તા સાભળતા સાભળતા તેને ઊંઘ આવી જતી અને તે હમેશા સપનામા વાર્તાઓ જોતો.

ઉનાળાની રાત હતી, રાજુ દાદાજી સાથે અગાશી પર સૂતો હતો. આકાશમા અસખ્ય તારા હતા અને તે બધાની વચ્ચે ગોળમટોળ ચદ્ર ચમકતો હતો.

''દાદાજી, આ તારા અને ચદ્ર આપણી પર કેમ નથી પડતા ?'' રાજુએ દાદાજીને પૂછ્યુ.

''કારણ કે આ બધા પોતપોતાની ધરી પર સૂરજની ચારેબાજુ ચક્કર લગાવતા રહે છે.'' દાદાજીએ કહ્યુ.

''દાદાજી, આકાશગગામા કોણકોણ રહે છે?'' રાજુએ પૂછ્યુ.

''આકાશગગામા નવ ગ્રહો, કેટલાક ઉપગ્રહ અને તારા છે, બધા સૂરજની ચારે બાજુ ચક્કર લગાવતા રહે છે.'' દાદાજીએ કહ્યુ.

થોડીવારમા તો રાજુને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. સપનામા તે ગ્રહની સહેલ કરી રહ્યો હતો.

ગ્રહા, ઉપગ્રહોની વચ્ચે જગ છેડાઈ હતી ''શ્રેષ્ઠતાની'.

સૂરજ, મરક્યૂરી, વિનસ, અર્થ, માર્સ, જ્યૂપિટર, શનિ, યુરેનસ, નેપ્ચૂન બધા પોતાના જ ગુણગાન ગાવામા વ્યસ્ત હતા.

''હુ સૌથી વધારે ચમકતો ગ્રહ છુ અને મારી ખાસિયત એ છે કે હુ પૂર્વથી પશ્ચિમ તરફ ચક્કર લગાવુ છુ, જ્યારે તમે બધા પશ્ચિમથી પૂર્વ બાજુ ચક્કર લગાવો છો, મને બધા પ્રેમથી દેવી પણ કહે છે.'' વિનસ ગ્રહે કહ્યુ.

''હુ એકમાત્ર ગ્રહ છુ. જેના પર જીવન, પાણી, હવા અને મનુષ્યોનુ અસ્તિત્વ છે.'' પૃથ્વીએ ગ્રહ સાથે કહ્યુ.

''હુ લાલ રગનો છુ અને મને યુદ્ધનો દેવતા પણ કહેવામા આવે છે.'' મગળ ગ્રહ પાછળ કેમ રહી જાય. તે તરત બોલ્યો.

''મારી પાસે સૌથી વધારે તારા છે.'' જયૂપિટરે કહ્યુ. ''અને અમારી ગણના વિશાળ ગ્રહોમા થાય છે.'' શનિ ગ્રહે જયૂપિટરને સાથ આપતા કહ્યુ.

''મારો રગ લીલો છે અને હુ પણ વિશાળકાય છુ, ઉપરાત ગ્રીક લોકો મને દેવતા માનીને પૂજે છે.'' યુરેનસે કહ્યુ. ''હુ વાદળી રગનો અને બધાથી વિશાળકાય છુ, તેમજ હુ દરિયાદેવ તરીકે પણ ઓળખાઉ છુ.'' નેપ્ચૂને કહ્યુ.

ગ્રહોનુ 'હુ શ્રેષ્ઠ હુ શ્રેષ્ઠ' સાભળીને ચદ્રને તાવ આવી રહ્યો હતા.

''હુ સૌથી વધારે સુદર છે, હુ પૃથ્વી ગ્રહનો એકમાત્ર ઉપગ્રહ છુ, મારી પર પણ જીવનની શક્યતા હોવાનુ અનુમાન લગાવાઈ રહ્યુ છે, હુ સૂરજના માર્ગમા આવીને ગ્રહણ પણ લગાવી શકુ છુ.'' ચદ્રે કહ્યુ.



ચદ્રના અભિમાનને સૌ કોઈ જાણતા હતા, એટલે બધાએ મો બગાડયા.

તેમના ઝઘડાથી પ્લૂટો ગ્રહ પરેશાન હતો, તે વચ્ચે પડવા નહોતો માગતો, કારણ કે તે એક નાનો ગ્રહ હતો. ''તમે બધા મૂરખ છો.'' છેવટે પ્લૂટો ગ્રહ વચ્ચે પડયો. બધા આખો કાઢવા લાગ્યા.

''તમારા બધાથી વધારે શક્તિશાળી સૂરજ છે.'' પ્લૂટોએ કહ્યુ. ''તે કેવી રીતે?'' બધાએ એકસાથે પૂછ્ય.

''અતરોક્ષનો ૯૯.૮ ટકા ભાર તો સૂરજનો છે, તેન ઉષ્ણતામાન સૌથી વધારે છે, જેનાથી આ બધા ગ્રહોને ઊર્જા મળે છે, આ સોથી વધારે ચમકતો ગ્રહ છે જે બધા ગ્રહો, ઉપગ્રહોને પ્રકાશ આપે છે.'' પ્લૂટોએ કહ્યુ.

''સૂરજ પર વાયુ પણ જોવા મળ્યા છે અને દિવસરાતનુ થવુ પણ સૂરજ પર આધાર રાખે છે.'' પ્લૂટોએ ફરી કહ્યુ. નાનકડા ગ્રહ પાસેથી સમજદારીની વાતો સાભળીને બધાને અહેસાસ થઈ ગયો કે તેઓ કેટલા ખોટા હતા. બધાએ સાથે મળીને સૂરજની માફી માગી.

''તમારા ઉષ્ણતામાનથી અમે લોકો જીવીએ છીએ, વૃક્ષ છોડ પોતાનુ ભોજન બનાવે છે.'' રાજુ પણ વચ્ચે બોલી પડયો, પરતુ તેની વાતો કોઈ સાભળતુ નહોતુ.

''રાજુ ઊઠ, સવાર પડી ગઈ.'' દાદાજીએ કહ્યુ ત્યારે તેની ઊંઘ ઊડી.

''ઓહ ! તો એ સપનુ હતુ.'' રાજુ મનોમન બબડયો.

'પણ તેને સપનામા ગ્રહો સાથે ખૂબ મજા આવી.' રાજુ ખુશ થઈને વિચારી રહ્યો હતો.

■